**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૬.૫ ડીગ્રી
લઘુતમ : ૧૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૪૨ ટકા

# અમારા સે-૩માં ડહોળા પાણીની સમસ્યા શિરદર્દ બની રહી છે

## વધી ગયેલા ઝાડની ડાળીનું ટ્રીમીંગ જલ્દીથી કરવા માંગ


**અમારૂ સેક્ટર અમારી સમસ્યા**
સંકલન મોનિકા ઠક્કર

ગાંધીનગર, તા.૩૦

અમારા સેક્ટરમાં પાણીનો પ્રવાહ ધીમો છે, બગીચો વેરાન છે, સ્ટ્રીટલાઈટ અવારનવાર બંધ રહે છે. ચોમાસામાં પાણી ભરાય છે. ઉપરોક્ત શબ્દો સે-૩ વસાહત મંડળના અગ્રણીઓના છે. ગાંધીનગર સમાચારે સે-૩ની મુલાકાત લેતા સેક્ટરની સમસ્યાઓ અંગે વસાહતીઓએ ભારે આક્રોશ ઠાલવ્યો હતો.

સે-૩ની મુખ્ય સમસ્યાઓમાં ધીમા પાણીના પ્રવાહ સાથે ઘણીવાર પાણીમાં આવતી માટી, વેરાન બગીચો, ટ્રીમીંગ કર્યા વગરના વૃક્ષો, બંધ સ્ટ્રીટ લાઈટ, ઉભરાતી ગટરો સાફ ન થતા ફેલાતો રોગચાળો, ગાર્ડનમાં ચોકીદારની કમી, રીંગ રોડ ઉપરનું દબાણ, ઘરની બહાર ગમે ત્યાં પાર્ક થતા વાહનોનો ત્રાસ, ચોમાસામાં ભરાતા પાણી, રખડતા ગાય-કૂતરાં અને વાંદરાનો ત્રાસ, ટયુશન કલાસના વિદ્યાર્થીઓથી વધતો ટ્રાફિક અને સામે બમ્પનો અભાવ જેના લીધે થતી સમસ્યા, સે-૩માં બીજા સેકટરના કૂતરાઓને મૂકતા વધતો ત્રાસ, પોસ્ટ ઓફિસ સેકટરમાં નથી અને સે-૬ની પોસ્ટ ઓફિસ જર્જરીત છે તો સેકટરમાં પોસ્ટ ઓફિસ બને તેવી માંગ, દવાખાનું પાકા મકાનથી બનાવાયું છે હાલ ત્યાં ઝુંપડા બંધાયા છે અને રાત્રીના સમયે આ જગ્યાનો દૂર ઉપયોગ થાય છે. છેલ્લા પાંચ વર્ષથી રજૂઆત કરી હોવા છતાં કોઈ પગલાં લેવાયા નથી. આ સમસ્યાઓ સે-૩ના રહેવાસીઓના કહ્યા મુજબ તેઓ ભોગવી રહ્યા છે જે સમસ્યાઓનો નિકાલ જલ્દીથી આવે તેવી સે-૩ના રહેવાસીઓની માંગ છે.





● સેકટરમાં પાણીનો પ્રવાહ ધીમો આવે છે ઘણીવાર પાણીમાં માટી આવે છે. સ્ટ્રીટલાઈટો અવારનવાર બંધ રહે છે. ગાર્ડનનો વિકાસ થયો નથી અગાઉ ચોકીદાર હતા જે હવે છે નહીં. ચોમાસામાં પાણી ભરાવવાથી મચ્છરનો ખૂબ જ ઉપદ્રવ થાય છે.

**- નરસિંહભાઈ પરમાર**



● ગાંધીનગર શહેરના ત્રીસેય સેકટરમાંથી સે-૩ એ મોટું સેકટર છે. આ સેકટરમાં ગરીબ અને મધ્યમ બંને વર્ગના વસાહતીઓ વસવાટ કરે છે. સેકટરની મધ્યમાં સરકારી દવાખાનું બનાવાયું છે પણ તે બિસ્માર પડી રહ્યું છે. અમારી માંગણી છે કે આ દવાખાનાને પૂર્નજીવીત કરવામાં આવે જેથી તમામ વસાહતીઓને આનો લાભ મળી શકે. ઉપરાંત સેકટરમાં પોસ્ટ ઓફિસ પણ બને તેવી સરકાર સમક્ષ માંગ છે.

**- વિક્રમ પટેલ**



● સેકટરની અંદર આવેલ રીંગરોડની બંને બાજુએ છ છ ફૂટની ફૂટપાથ કરવામાં આવે તો આજુબાજુના રહીશોને રાત્રે ગાડી પાર્કિંગ કરવા ઉપયોગી થાય અને રીંગરોડની શોભામાં અભિવૃધ્ધિ થાય સાથે ચોમાસાના પાણી ભરાવવાની સમસ્યા હટે અને મોર્નિંગ વૉક પણ થઈ શકે.

**- મહેન્દ્રભાઈ પ્રવાસી**

## વેરાન બગીચો, ખંડેર દવાખાનાનું પણ સમારકામ જલ્દીથી થાય તેવી માંગ

# ગાંધીનગરમાં ગાંધી નિર્વાણ દિને ગાંધીકથા યોજાઈ



ગાંધીનગર, તા.૩૦

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પુણ્યતિથિએ ગાંધીનગરમાં ગાંધીકથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કથાકાર કનુભાઈ દવેની વ્યાપીઠે ગાંધીકથાનું વાંચન કરવામાં આવ્યું હતું. સેકટર-૩-ડીના શ્રી રામેશ્વર મહાદેવ મંદિરના સભાખંડમાંથી ગાંધીકથાની શરૂઆત ગાંધીજીના પ્રિય ભજન 'વૈષ્ણવ જનતો તેને રે કહીએ' થી ગીત સંગીત ટીમ દ્વારા ગાંધીજીના જીવનના અલગ અલગ પ્રસંગો દ્વારા ગાંધીજીના જીવનની વિભૂતિનો પરિચય નગરવાસીઓને કરાવ્યો હતો. ગાંધીકથાનું આયોજન ગાંધીનગરની માનવ સેવા મંડળ સે-૮ અને સંસ્કૃતિ મહિલા પરિવાર સેકટર-૨ના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું હતું.

## આજે બોરીજ વિશ્વ મૈત્રીધામ ખાતે ધ્વજારોહણ અવસર

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં બોરીજ ખાતે વિશ્વ મૈત્રી ધામ તિર્થ જિનાલયમાં મૂળનાયક શ્રી મહાવીર સ્વામી ભગવાનના મુખ્ય શિખરે તથા શ્રી કસોટી પાર્શ્વનાથ જિનાલય તેમજ શ્રી સમોવસરણ જિનાલય તથા શ્રી પદમાવતી માતાજી અને માણીભદ્રવીરની દેરીના શિખરે ધ્વજારોહણનો અવસર તા. ૩૧મી જાન્યુઆરી શુક્રવારે સવારે ૯.૩૦ કલાકે યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે સત્તર ભેદી પૂજા ભણાવવામાં આવશે. જે માટે સકળ જૈન સંઘને આંમત્રણ પાઠવવામાં આવ્યું છે. સમગ્ર ઉત્સવ આચાર્ય પૂ. અમૃતસાગર સૂરીશ્વરજી મ.સા. તથા પૂ. બુધ્ધિસાગર સૂરિશ્વરજી મ.સા. સમુદાયના સાધ્વીજી પૂ. પુણ્યપ્રભાશ્રીજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં યોજાઈ રહ્યો છે. સમગ્ર પ્રસંગે શ્રી મહાવીરાલયની ૧૭મી સાલગીરી પ્રસંગે યોજાઈ રહ્યો છે.

## આવતીકાલે એસજેપીઆઈ-એનઆઈસીએમ ખાતે ''આરોહણ-૨૦૨૦''નું ભવ્ય આયોજન

### રાજ્યભરમાંથી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા ૭૦૦થી વધુ નામ નોંધાયા : વિજેતા સ્પર્ધકોને કુલ ૬૦ હજારથી વધુના ઈનામોથી સન્માનવામાં આવશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા ચ-૦ સર્કલ નજીક સ્થિત શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ-એનઆઈસીએમ કોલેજમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ''આરોહણ-૨૦૨૦'' શિર્ષક અંતર્ગત રાષ્ટ્રીયકક્ષાની મેનેજમેન્ટ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રૂ. ૬૦ હજારથી વધુના ઈનામો વિદ્યાર્થીઓને વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનવાની તક રહેલી છે. આ સાથે વિદ્યાર્થીઓ પોતાની મેનેજમેન્ટ સ્કીલ તથા સર્જનાત્મકતાને નિખારી શકે તે માટે તેમને યોગ્ય મંચ પ્રાપ્ત થશે. ''આરોહણ-૨૦૨૦''નો તા. ૧લી ફેબ્રુઆરીને સવારે ૯.૩૦ કલાકે પ્રારંભ થશે.

એસજેપીઆઈ-એનઆઈસીએમની ''આરોહણ-૨૦૨૦'' ઈવેન્ટમાં ગુજરાતભરમાંથી વિવિધ ગ્રેજ્યુએટ તથા પોસ્ટ ગ્રેજ્યુએટ કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ભાગ લેતા હોય છે જે અંતર્ગત આ વર્ષે પણ ૭૦૦થી વધુ રજીસ્ટ્રેશન પ્રાપ્ત થઈ ચુક્યાં છે. ''આરોહણ-૨૦૨૦''માં બિઝનેસ ક્વીઝ, એડ મેડ શૉ, ડાન્સિંગ ટ્રેઝર, હંટ, રંગોલી, ટીકટોક જેવી રંગારંગ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. વિવિધ સ્પર્ધાઓમાં મળીને પ્રતિસ્પર્ધીઓ રૂ. ૬૦ હજારથી વધુના ઈનામો જીતી શકશે તેમજ પોતાની કાબેલિયત પ્રસ્તુત કરી શકશે. આ સાથે વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિઓને એક નવો ઓપ આપવા માટે એક ખૂબ મહત્વનુ પ્લેટફોર્મ સાબિત થશે. આ સ્પર્ધામાં જોડાવા માટે www.nicm.coop પર લોગ ઈન કરવા જણાવાયું છે.

## વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૩૦

વીરમાયા સાંસ્કૃતિક ટ્રસ્ટ ગાંધીનગરની સામાન્ય સભા તા. ૨૬ જાન્યુઆરીના રોજ સેકટર-૧૬ના પાટનગરના બગીચામાં મળી હતી. જેમાં મોટી સંખ્યામાં ટ્રસ્ટના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને આ સભામાં સર્વાનુમતે ૨૭ કારોબારી સભ્યોની બિનહરીફ સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી.

જેમાં પ્રમુખ તરીકે રસિકલાલ એ. મકવાણા-પ્રમુખ, હિંમતલાલ એચ. રાઠોડ-મેનેજીંગ ટ્રસ્ટી, મુકેશ પરમાર-ખજાનચી, હરેશકુમાર વાઘેલા, દીપકભાઈ જાદવ, અનિતાબેન પરમાર-ઉપપ્રમુખ, કિર્તીભાઈ આર. સુતરીયા-જનરલ સેક્રેટરી, ગીરાબેન શાહ, ઈન્ટરનલ ઓડીટર, સુરેશભાઈ સુતરીયા, નારણભાઈ જે. પરમાર, રવીન્દ્ર મકવાણા, અમૃતભાઈ રાણાની સહમંત્રી તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

# પેથાપુરના એક મકાનમાંથી ૨૨ વિદેશી દારૂની બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૩૦

પેથાપુર પોલીસે ચરેડી રોડ પર આવેલી પટેલ સોસાયટીની બાજુમાં આવેલ મકાનમાંથી વિવિધ બ્રાન્ડની ૨૨ વિદેશી દારૂની બોટલ ઝડપી પાડી છે. પોલીસે રૂ. ૮૩૮૨ ની કિંમતની ૨૨ બોટલ, અંગજડતી દરમિયાન રોકડ રૂ.૩૧૦૦ અને મોબાઈલ કિં.રૂ.૨૦૦૦ મળી કુલ રૂ. ૧૩,૪૮૨ મુદ્દામાલ કબ્જે કરી બે ઈસમો સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ પેથાપુર પોલીસ મથક વિસ્તારમાં અ.પો.કો. અનિલકુમાર કાળીદાસ, ધીરેન્દ્રસિંહ બહાદુરસિંહ તેમજ સંજયસિંહ ઘનશ્યામસિંહ ભારત બંધના એલાનને પગલે પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન સાથે રહેલા પોકો.અનિલકુમાર કાળીદાસને ખાનગી રાહે બાતમી મળી હતી કે પેથાપુર કુમાર શાળા નંબર-૨ ચરેડી માર્ગ પેથાપુર પટેલ સોસાયટીની બાજુમાં રહેતા કરણસિંહ ઉર્ફે કાળુ અશોકજી ઠાકોરે પોતાના ઘરે વિદેશી દારુનો જથ્થો વેચાણ કરવા માટે મુકી રાખ્યો છે. જેને પગલે પોલીસે પતરાવાળા ઘર ખાતે રેઈડ પાડી કરણજી ઉર્ફે કાળુ અશોકજી ઠાકોરને પકડી પાડી ઘરમાં તપાસ કરતા છેલ્લા રૂમની ઓરડીમાં પડેલા પીપમાં તપાસ કરતા જુદા જુદા બ્રાન્ડની વિદેશી દારુની ૨૨ બોટલ મળી આવી હતી. પોલીસે આ દારૂ કોની પાસેથી લાવ્યો અને કોને આપવા માટે લાવ્યો હતો તેવી પુછપરછ કરતા કરણજી ઠાકોરે અનોપસિંહ ભીખુસિંહ ડાભી મને આપી ગયો છે અને અમે બંન્ને સાથે વિદેશી દારુનું વેચાણ કરીએ છીએ.

પોલીસે અનોપસિંહના ઘરે તપાસ કરતા તે મળી આવતા પોલીસે બંન્ને આરોપીની અંગજડતી દરમિયાન કરણસિંહના પાસેથી કોઈ ચીજવસ્તુ મળી આવી ન હતી. જયારે અનોપસિંહની અંગજડતી દરમિયાન રૂ.૩૧,૦૦ એક મોબાઈલ ફોન કિ.રૂ.૨૦૦૦ મળી આવ્યો હતો. પેથાપુર પોલીસે દારુની બોટલ, અંગજડતી દરમિયાન રોકડ, મોબાઈલ મળી કુલ રૂ.૧૩,૪૮૨ નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહિએકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



માણેકબા અધ્યાપક અડાલજની વિદ્યાર્થીનીઓ સમક્ષ બાળસાહિત્યકાર કિરીટ ગોસ્વામી દ્વારા બાળગીતોનું પઠન-ગાયન કરવામાં આવ્યું હતું. તથા તેમના નવા બાળકાવ્ય સંગ્રહ ગોળ ગોળ લાડુ પુસ્તકનું વિમોચન પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે સંસ્થાના આચાર્ય સુરેખાબહેન ચૌધરી દ્વારા પ્રાસંગિક વકતવ્ય અપાયું, અમૃત ચૌધરી દ્વારા લેખક પરિચય આભાર વિધિ જાગૃતિબેન મોદી દ્વારા તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન અયનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



નગરના માર્ગો ચોમાસામાં એકદમ ઉબડખાબડ બની ગયા છે. આ માર્ગોનું પેવરીંગ કમ શરૂ કરવામાં આવ્યું છે. હાલમાં સેકટર-૮ ખાતે રોડ રીસરફેસીંગનું કામ ચાલી રહ્યું છે. જો કે સતત ચાલતા વિકાસ કામોથી વસાહતીઓ પરેશાન થઈ ચુકયાં છે. કયારેક વરસાદી પાણીની પાઈપલાઈન નાંખવામાં આવે છે તો કયારેક રોડનું રીસરફેસીંગ કરવામાં આવે છે.

# વસંતપંચમીએ મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ કરી શારદા વંદના



આજે વસંતપંચમીનો પવિત્ર દિવસ હતો. આ પ્રસંગે શહેરના પ્રવેશદ્વાર સમા ચ-૦ સર્કલ નજીકની શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ બીઝનેસ મેનેજમેન્ટ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ કો ઓપરેટીવ મેનેજમેન્ટમાં સારદા પૂજનનો પવિત્ર અવસર ઉજવાયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં કોલેજના અધ્યાપકગણ તથા વિદ્યાર્થીગણે ઉપસ્થિત રહી ભાગ લીધો હતો. શારદાપૂજન પ્રસંગે સંસ્થાના ડાયરેક્ટર ડૉ. બી.કે. નિર્મલે કરેલા પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં રાષ્ટ્રસેવા અને સંસ્કૃતિના જતન પરત્વે યુવા વિદ્યાર્થીઓએ જાગૃત થવા કરેલી મીઠી ટકોર કરતું વક્તવ્ય પ્રસ્તુત કર્યુ હતુ. કાર્યક્રમના સમાપને રાષ્ટ્રગાન સાથે મા ભારતીને નમન વંદન કરવામાં આવ્યું હતું. અંતમાં ઉપસ્થિત તમામનું મ્હો મીઠું કરાવવામાં આવ્યુ હતુ.

# જિલ્લાના વિવિધ ગામોમાં મોબાઈલ એકસ-રે વાન ફરશે

## ટીબીના શંકાસ્પદ દર્દીઓના સ્થળ પર જ એકસ-રે પાડવામાં આવશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલથી આજે સવારે જિલ્લા ક્ષય અધિકારી ડો.એમ.બી.ચૌહાણે લીલી ઝંડી દર્શાવી મોબાઈલ એકસ-રે વાનને કર્મચારીઓની હાજરીમાં પ્રસ્થાન કરાવ્યું હતું. આ મોબાઈલ એકસ-રે વાન દ્વારા આજે માણસાના મહુડી ગામે ૨૦ જેટલા ટીબીના શંકાસ્પદ દર્દીઓના એકસ-રે પાડવામાં આવ્યા હતા. મોબાઈલ એકસ-રે વાન આગામી દિવસોમાં માણસા અને દહેગામના ગ્રામ્ય વિસ્તારમાં ફરશે અને એકસ-રેની કામગીરી કરશે.

પ્રાપ્ત માહિતી મુજબ જિલ્લા કક્ષાએથી આપવામાં આવેલી મોબાઈલ એકસ-રે વાન તા.૩૦ થી તા.૬ ફેબુઆરી દરમિયાન વિવિધ ગામના પ્રાથમિક, સામુહીક આરોગ્ય કેન્દ્રોની મુલાકાત લઈ કામગીરી કરશે. આજે મહુડી ખાતે ૨૦ શંકાસ્પદ ટીબીના દર્દીઓના એકસ-રે પાડવામાં આવ્યા હતા. જયારે આગામી તા.૩૧ ના રોજ માણસાના પુંધરા અને લોદરા ગામે, તા. ૧ ને શનિવારના રોજ માણસાના ઈટાદરા તેમજ તા. ૨ ના રોજ વરસોડા અને ધોળાકુવા ખાતે એકસ-રેની કામગીરી કરશે. તો બીજીતરફ તા. ૪ થી ૬ દરમિયાન દહેગામના બહીયલ અને પાલુન્દ્રા, બુધવારના રોજ કડજોદરા અને દેવકરણના મુવાડા, જયારે ગુરુવારના રોજ સાંપા અને સાણોદા ખાતે ટીબીના શંકાસ્પદ દર્દીઓના એકસ-રે સ્થળ પર જ વાનમાં પાડવામાં આવશે. જયારે મહુડી ખાતે એકસ-રે ની આ કામગીરીમાં ટીબીના તેમજ પ્રાથમિક આરોગ્ય અને સામુહીક આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા કર્મચારીઓ મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.




## મુવી હાઉસ

**સિટી પલ્સ, કુડાસણ**
**સ્ટ્રીટ ડાન્સર ૩ (૨-ડી)**
૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ટ્રીટ ડાન્સર ૩ (૩-ડી)**
૧૧.૪૫, ૫.૪૫
**તાન્હાજી (૩-ડી)**
૩.૦૦, ૯.૩૦
**ગુડ ન્યૂઝ** - ૧૦.૦૦
**પંગા** - ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧.૦૦
**કેમ છો? (ગુજરાતી)**
૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)**
૪.૦૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**
**સ્ટ્રીટ ડાન્સર**
૧.૧૫, ૭.૧૫
**તાન્હાજી**
૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
**પંગા**
૫.૧૫
**જવાની જાને મન**
૯.૦૦, ૧૧.૪૦, ૨.૨૦, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
**બેડ બોયઝ ફોર લાઈફ**
૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૮.૦૦, ૧૦.૪૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૭.૦૦
**હેપ્પી હાર્ડી એન્ડ હીટ**
૧.૦૦
**લવની લવ સ્ટોરી (ગુજરાતી)**
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૫

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**
**જવાની જાને મન**
૯.૦૫, ૧૧.૪૦, ૨.૧૫, ૪.૫૦, ૭.૨૫, ૧૦.૦૦
**હેપ્પી હાર્ડી એન્ડ હીટ**
૪.૫૫, ૧૦.૩૦
**બેડ બોયઝ ફોર લાઈફ**
૯.૧૦, ૨.૪૫, ૫.૨૫, ૧૦.૪૫
**લવની લવ સ્ટોરી (ગુજરાતી)**
૧૧.૫૦, ૭.૩૫
**સ્ટ્રીટ ડાન્સર**
૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૧૦.૦૦
**પંગા**
૭.૧૫
**તાન્હાજી**
૧૦.૧૦, ૧.૦૦, ૩.૫૦, ૬.૪૦, ૯.૩૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**
**જવાની જાને મન**
૯.૫૦, ૧૨.૨૫, ૩.૦૦, ૫.૩૫, ૮.૧૦, ૧૦.૪૫
**હેપ્પી હાર્ડી એન્ડ હીટ**
૪.૪૫
**ગુલ મકઈ**
૨.૦૦
**બેડ બોયઝ ફોર લાઈફ**
૧૦.૦૫, ૧૨.૫૦, ૬.૫૫, ૯.૪૫
**લવની લવ સ્ટોરી (ગુજરાતી)**
૧.૨૦, ૧૦.૧૫
**સ્ટ્રીટ ડાન્સર**
૧૦.૨૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
**પંગા** - ૧૧.૧૫
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૩.૪૦
**તાન્હાજી**
૧૦.૪૦, ૧.૩૦, ૪.૨૦, ૭.૧૦, ૧૦.૦૦

## સે-૬ શાળા દ્વારા પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

માતૃભાષા અભિયાન અને પુસ્તક પરબ સે-૬ શાખા વતી પુસ્તક પરબનું આયોજન તા. ૨ ફેબ્રુઆરીના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન કરવામાં આવ્યું છે. સે-૬ બગીચા ખાતે આ દિવસે વિના મૂલ્યે પુસ્તકોની આપ-લે કરવામાં આવશે.

## ચિરવિદાય

- સ્વ. અમરસિંહ બાદરસિંહ ગોહિલ, ઉ.વ. ૬૯
- સ્વ. ગીરીશભાઈ પરસોત્તમભાઈ પટેલ, ઉ.વ. ૫૮
- સ્વ. શાંતાબેન મફાજી ઠાકોર, ઉ.વ. ૮૨
- સ્વ. શારદા અન્ના, ઉ.વ. ૪૪
- સ્વ. પંજાબી મંજુલા ગુરૂદીપ, ઉ.વ. ૭૮
- સ્વ. સવિતાબેન ગણપતલાલ પટેલ, ઉ.વ. ૬૩